# શહેરમાં ફરી વાતાવરણમાં પલ્ટો

## દિવસે વાદળિયા વાતાવરણ વચ્ચે પવનનુ જોર શહેરમાં ઠંડીનો ચમકારો : પારો ૩ ડિગ્રી ગગડયો



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં છેલ્લા દોઢ મહીનાથી ઠંડીની ગિરફતમાં છે. જો કે છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનો પારો હળવો થતા નગરજનોએ કોલ્ડવેવમાં રાહત અનુભવી હતી. અલબત્ત છેલ્લા ત્રણ ચાર દિવસથી વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ જતા નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. નગરજનોએ ગરમ કપડા ફંગોળી દીધા હતા. જયારે દિવસે ઓફિસ અને ઘરોમાં પણ એ સી ધમધમતા થઈ ગયા હતા. પરંતુ ગઈકાલથી મોસમનો મિજાજ અચાનક જ બદલાયો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૭.૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે મહત્તમ તાપમાન ૩૧.૬ ડિગ્રી રહેતા દિવસે ઉનાળા જેવી આકરી ગરમી નગરજનોએ અનુભવી હતી. બીજીતરફ મોડી રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડી અનુભવતા નગરજનોને કાતિલ ઠંડીથી છુટકારો મળ્યો હતો. છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનુ જોર અચાનક જ હળવુ થતા નગરજનોએ પણ રાહત અનુભવી હતી. પરંતુ આજે વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી જ આકાશમાં વાદળોનો હળવો ઘેરાવ જોવા મળ્યો હતો. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે પવનના સુસવાટાથી નગર પાછુ ઠંડીનુ ગિરફતમાં આવી ગયુ હતુ. ઠંડીનો પારો પણ ૩.૨ ડીગ્રી ગગડીને ૧૪ સુધી પહોચી ગયો હતો. જયારે દિવસના તાપમાનમાં પણ ૨ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. ઠંડી ગરમીના આ બદલાવ વચ્ચે નગરના જનજીવન પર અસર વર્તાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરને નવી ૮ ટ્રેઈન મળશે કચ્છ અને જમ્મુ સાથે જોડાણ

## અમદાવાદ આબુ રોડ વાયા પાટણ, પાલનપુર ડેમુ પણ શરૂ થશે : અમદાવાદ જમ્મુ તાવી, ઓખા દહેરાદુન પોરબંદર મુઝફરપુર સહીતની ટ્રેઇન ટુંકમાં શરૂ થશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર રેલવે સ્ટેશનને નવી ૮ ટ્રેઈનો ફાળવવામાં આવી છે. હાલ સ્ટેશન પર રોજ ૬ ટ્રેઈનોની અવરજવર થાય છે. જયારે હવે અમદાવાદ - આબુ વાયા પાટણ , પાલનપુર ડેમુ સહીત અમદાવાદ જમ્મુ તાવી , ઓખા દહેરાદુન અને પોરબંદર મુઝફરપુર, ભુજ બરેલી સહીતની મુસાફરોને મળે છે. જયારે આગામી દિવસોમાં નવી ૮ ટ્રેઈનો વાયા ગાંધીનગર દોડશે. શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લા ગાંધીનગર સ્ટેશનના વિકાસ તેમજ ટ્રેઈન સુવિધાઓનો વ્યાપ વધારવા માટે અત્યાર સુધી ૬ હજાર જેટલા પત્રોના માધ્યમથી રેલવે મંત્રાલયને રજુઆત કરવામાં આવી છે. સ્ટેશન વિસ્તાર પર મુસાફરોને લગતી સુવિધાઓ ઉભી કરવા

**હોટલ નિર્માણની કામગીરીના અંતે નવી ટ્રેઇન સેવા શરૂ કરાશે : હાલ રોજ ૬ ટ્રેઇનની અવરજવર હવે ૧૪ ટ્રેઇન દોડતા સ્ટેશન ધમધમશે : રેલ યાત્રિકો અને નગરજનોમાં હર્ષની લાગણી : શહેર વસાહત મહામંડળે નિર્ણયને આવકારી રેલ તંત્રનો આભાર વ્યકત કર્યો**

ટ્રેઈન સેવા પણ શરૂ કરવામાં આવશે. નવી ટ્રેઈનો દોડાવાનો નિર્ણય લેવાતા ગાંધીનગર સ્ટેશન સૌરાષ્ટ્ર અને કચ્છ સાથે જોડાશે. નવી ટ્રેઈન હોટલ નિર્માણના કામના અંતે શરૂ કરવામાં આવશે. નવી ટ્રેઈન શરૂ કરવાના નિર્ણયથી ગાંધીનગરની વર્ષો જુની માંગણી સંતોષાશે. રેલયાત્રિકો તેમજ સ્થાનિકોને વધુ ટ્રેઈન સુવિધા મળશે.

ગાંધીનગર રેલવે સ્ટેશન વિસ્તારને અનુલક્ષી હાલ ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે હોટલ નિર્માણની સાથે દાયકાઓના અંતે સ્ટેશન વિસ્તારને વિકસાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ ગાંધીનગર સ્ટેશન પર રોજની ૬ ટ્રેઈન અવર જવર કરે છે. જેમાં ગરીબ રથ, ઈન્દોર એકપ્રેસ, હરિદ્વાર, બરોડા, આણંદ અને ભાવનગર સહીત ટ્રેઈન સેવાનો લાભ માટે પણ મહામંડળ દ્વારા વખતો વખત રજુઆત કરવામાં આવે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જણાંવ્યા મુજબ ગાંધીનગર સ્ટેશન કેપિટલને અનુરૂપ બને તે માટે અવારનવાર ટ્રેઈન સુવિધા વધારવા માટે રજુઆત કરવામાં આવી રહી છે. હાલ ગાંધીનગર કલોલ સહીતના વિસ્તારમાંથી ૩૮ જેટલી ટ્રેઈન નિકળી જાય છે. જે ગાંધીનગર સુધી આવતી નથી. જો કે નવી ટ્રેઈનો ફાળવવા માટે અગાઉના વર્ષોમાં પણ રેલવે બજેટના અંતે નારાજગી સિવાય કાંઈ હાથ લાગ્યુ નથી. ત્યારે રેલવે સ્ટેશન પર નવી ટ્રેઈનો આવશે તે અંગે અંતરંગ સુત્રોમાંથી માહીતી પ્રાપ્ત થઈ છે. આગામી દિવસોમાં ગાંધીનગર સ્ટેશન પર નવી ૮ ટ્રેઈનો આવશે જેમાં અમદાવાદ આબુ રોડ

● અનુસંધાન પાન-૭ પર

# સુજલામ સુફલામના બીજા તબક્કાનો સોમવારથી પાનસર ખાતે આરંભ કરાશે

## બીજા તબક્કામાં જિલ્લામાં ૨૧૮ તળાવ નાળાં ઉંડા કરવા સહિત ૧૦૮ તળાવ નવા બનાવવાની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૩

સોમવારથી જિલ્લામાં સુજલામ સુફલામ યોજનાનો બીજો તબક્કો શરૂ થશે. આ માટે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ કલોલ તાલુકાના પાનસર ખાતે યોજવામાં આવેલ છે.

બીજા તબક્કાના સુજલામ સુફલામ કાર્યક્રમમાં જિલ્લામાં ૨૧૮ તળાવ નાળાં ઉંડા કરવા સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૦૮ તળાવ વિભાગો દ્વારા નવા બનાવવાની કામગીરી હાથ ધરાશે.

આ જ પ્રમાણે ૧૧૮ જેટલા તળાવ સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઊંડા કરવામાં આવશે. આ ઉપરાંત નદીના કોતરોની સફાઈ, ચેકડેમ બનાવવા સહિતના કામો પણ આ અભિયાનમાં હાથ ધરવામાં આવશે. જિલ્લામાં ગત વર્ષે ચોમાસા પૂર્વે ૧૭૮ તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી હતી પરંતુ ચોમાસુ નિષ્ફળ જતા જળસંગ્રહ માટેનું ધાર્યું પરિણામ મેળવી શકાયું ન હતું.

પાનસર ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જિતુભાઈ વાઘાણી તથા ગ્રંથનિર્માણ બોર્ડના ચેરમેન ભાવનાબેન દવે ખાસ ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લામાં આ વખતે સુજલામ સુફલામ યોજનાના બીજા તબક્કામાં તળાવો ઊંડા કરી અને જળસંગ્રહ શકિત બમણી કરવાનું આયોજન હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. જિલ્લામાં આ અભિયાન મિશન મોડથી હાથ ધરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે હયાત તળાવોના વેસ્ટ વિયરની મરામતના કામો તથા ચેકડેમ મરામતના કામો તેમજ નદી કિનારાની સફાઈના કામોને પણ આ અભિયાનમાં અગ્રતા આપવામાં આવી છે.

# દહેગામમાંથી સ્વાઈન ફલુનો કેસ મળ્યો : જિલ્લામાં ૨૩ કેસ થયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ પંથકમાંથી સ્વાઈન ફલુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લાના કેસોની સંખ્યા ૨૩ પર પહોંચી છે.

મળતી વિગતો મુજબ ૨૬ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. દહેગામ તાલુકાના સુજાના મુવાડાની વતની આ મહિલા દર્દીને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દર્દીની તબિયત સ્થિર બતાવાઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારમાંથી મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્ર દ્વારા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સના આદેશ જારી કરવામાં આવ્યા છે. જિલ્લામાં સતત હવામાનમાં નોંધાઈ રહેલ બદલાવને પગલે હજુ પણ કેસોની સંખ્યા વધી શકે છે તેવો ભય વ્યક્ત થઈ રહ્યો છે.

ગુજરાતમાં સ્વાઈન ફલુનો કાળો કેર જારી રહ્યો છે. રાજ્યમાં દરરોજ સેંકડો નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. તંત્ર દ્વારા લેવામાં આવી રહેલા સાવચેતીના તમામ પગલાં બિનઅસરકારક દેખાઈ રહ્યા છે. આ વર્ષે સ્વાઈન ફલુ ગ્રસ્ત કેસોની સંખ્યા ૨૪૯૧ના આંકડાને પણ પાર કરી ગઈ છે. આજે વધુ ત્રણ લોકોના મોત સાથે મોતનો આંકડો ૮૫ પર પહોંચ્યો હતો. જ્યારે કેસોની સંખ્યા પણ ૨૪૯૧થી પણ ઉપર પહોંચી છે.

# મતદાર સુધારણા અભિયાનના પ્રથમ દિવસે જિલ્લામાં સારો પ્રતિસાદ

## રાજ્યના સંયુક્ત ચૂંટણી અધિકારી જયદીપ દ્વિવેદીએ પણ બુથોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. આજે આ ઝુંબેશની રાજ્યના સંયુક્ત ચૂંટણી અધિકારી જયદીપ દ્વિવેદીએ જિલ્લાના વિવિધ બુથો પર ફરી અને ચાલી રહેલ ઝુંબેશનું નિરીક્ષણ પણ કર્યુ હતુ.

૨૩ અને ૨૪ ફેબ્રુઆરીના રોજ મતદારયાદી સુધારણા ઝુંબેશનુ વિશેષ અભિયાન કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.

આજે બપોરે ૧૨ થી ૫ દરમ્યાન બુથ લેવલ ઓફિસરોએ મતદાન મથકો પર નવા રહી ગયેલા મતદારોની નોંધણીના ફોર્મ સ્વીકાર્યા હતા.

આજની આ ઝુંબેશમાં રાજકીય પક્ષોના કાર્યકરોએ પણ ભારે ઉત્સાહ દાખવ્યો હતો.

રાજ્યના સંયુક્ત ચૂંટણી અધિકારી જયદીપ દ્વિવેદીએ પેથાપુર, મોટેરા, ચાંદખેડા તેમજ ગાંધીનગર શહેરના સે. ૧૯, ૨૦ અને અન્ય બુથોની મુલાકાત લીધી હતી. જિલ્લાના વિવિધ ઓફિસરોએ પણ આ ઝુંબેશમાં તેમને ફાળવવામાં આવેલ વિસ્તારોની મુલાકાત લઈ ઝુંબેશનું નિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.



શિક્ષકો-પોલીસના 'પકડદાવ'ની સજા ફુલ-છોડને મળી... : ગાંધીનગર રાજ્યની પાટનગર હોવાને નાતે રાજ્યના કોઈપણ વર્ગ કે સમુદાય દ્વારા સરકાર સમક્ષ પોતાની માંગણી તરફી દેખાવો કે ધરણાં - સત્યાગ્રહ વગેરે કરવા નિશાન બનાવાય છે. શુક્રવારે વિધાનસભા સત્રના અંતિમ દિવસે રાજ્યભરના પ્રાથમિક શિકો દ્વારા પણ આ જ રીતે પોતાની પડતર માંગણીઓના સંદર્ભે ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા અને વિધાનસભાને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દેશમાં બાળપણથી શિસ્તના પાઠ ભણાવવાનું કાર્ય કરતા શિક્ષકો આ દેખાવો દરમિયાન એટલા ઉગ્ર બન્યા હતા કે વિધાનસભા સંકુલ સામેના સ્વર્ણિમ પાર્ક ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈ સરકાર સામે સૂત્રોચ્ચાર કરતી વેળાએ તાજેતરમાં જ વાઈબ્રન્ટ સમિટના પગલે સરકાર દ્વારા કરોડોના ખર્ચે લગાડવામાં આવેલા નવા છોડવાનો ખુડદો બોલી ગયો હતો. શિક્ષકો અને પોલીસની 'પકડદાવ' રમતમાં ચ-રોડ તથા ડૉ. આંબેડકરની પ્રતિમા નજીકના ફુલ-છોડને ભારે નુકસાન થવા પામ્યું હતું.

# જિલ્લાના એક લાખ કિસાનોને આજે સન્માન નિધિનો પ્રથમ હપ્તો ચુકવાશે

## ગોરખપુરમાં પ્રધાનમંત્રીના હસ્તે યોજાયેલ કાર્યક્રમ : જિલ્લાકક્ષાનો કાર્યક્રમ દહેગામના પાલૈયા ખાતે : જિતુ વાઘાણી અને ભાવનાબેન દવે ખાસ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૩

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત જિલ્લાના એક લાખ ત્રણસો ઓગણપચાસ ખેડૂતોને આજે પ્રથમ હપ્તાના બે હજાર ચુકવવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ દહેગામ તાલુકાના પાલૈયા ખાતે યોજવામાં આવ્યો છે. જેમાં ભાજપના પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી તથા ગ્રંથનિર્માણ બોર્ડના ચેરમેન ભાવનાબેન દવે ખાસ ઉપસ્થિત રહેનાર છે.

પાલૈયા ખાતે યોજાયેલા આ કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે આજે રજાના દિવસે પણ તંત્રના અધિકારીઓ સતત દોડધામમાં વ્યસ્ત રહ્યા હતા.

ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી આ મહત્વની જાહેરાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં થનાર છે. આ કાર્યક્રમ વેળાએ મનકી બાતનું પણ વિશેષ પ્રસારણ કરવામાં આવનાર છે. તેમજ ગોરખપુરના કાર્યક્રમનું પણ લાઈવ પ્રસારણ કરવામાં આવનાર છે. કેન્દ્ર સરકારે નવા નાણાંકીય વર્ષમાં ખેડૂતોની આવક બમણી બને તે માટે દર વર્ષની ત્રણ સિઝન વાવણીની છે તેને લઈ દરેક સિઝને રૂ. બે હજારની સહાય ખેડૂતોને ચુકવવાનો મહત્વનો અને ઐતહાસિક નિર્ણય કર્યો છે. રવિ સીઝનની વાવણીનો પ્રથમ હપ્તો આ પેટે ચુકવવામાં આવી રહ્યો છે.

૧૪મી તારીખથી આ અંગે ખેડૂતોનું રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યુ હતુ. નાના અને સીમાંત ખેડૂતો જે બે હેક્ટર જેટલી જમીન ધરાવે છે તેમને આ સહાય ચુકવવામાં આવનાર છે.

જિલ્લામાં ૧ લાખ ૧૦હજાર જેટલા નાના અને સીમાંત ખેડૂતો છે. તંત્ર દ્વારા આ અંગે અરજીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ છે. જિલ્લામાં ૧ લાખ ત્રણસો ઓગણપચાસ ખેડૂતોનું રજીસ્ટ્રેશન થયુ છે. જિલ્લાતંત્રએ આ માટે દિવસ-રાત મહેનત કરી અને આ રજીસ્ટ્રેશનની કામગીરી પૂરી કરી છે. પહેલાં આ યાદી ગ્રામસભામાં મંજૂરી માટે રજુ કરવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ પાછળથી ગ્રામસભાઓ રદ કરી અને પંચાયતના નોટીસ બોર્ડ પર આ યાદી મુકવાનો નિર્ણય લેવાયો છે.

# કોંગ્રેસ વર્કિંગ કમિટી બેઠકને પગલે તૈયારીઓ આરંભાઈ

અમદાવાદ,તા. ૨૩

આગામી તા.૨૮મી ફેબ્રુઆરીએ યોજાનારી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક તેમજ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની અડાલજ ખાતે યોજાનારી જાહેરસભાને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠકમાં કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ આવવાના હોઈ અને પ્રિયંકા ગાંધીની લોકસભા ચૂંટણી પ્રચારની ગુજરાતમાં સૌપ્રથમ જાહેરસભા અને રોડ શો હોઈ તેમાં કોઈપણ જાતની કચાશ ના રહી જાય અને સોનિયા ગાંધી, મનમોહનસિંહ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે યોજાનારા રોડ શો સહિતના તમામ આયોજનને સફળ બનાવવા કોંગ્રસ ભારે જહેમત ઉઠાવી રહી છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા રેલવે ૪ માર્ચથી ખાસ ટ્રેન

કેવડિયા,તા.૨૩

કેવડિયા કોલોની ખાતે બનાવાયેલી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોવા માટે રેલવે દ્વારા લોકોને ખાસ સુવિધા આપવાનુ નક્કી કર્યુ છે.

રેલવે દ્વારા સરદાર પટેલની પ્રતિમા જોવા માટે ઉત્સુક લોકોને ધ્યાનમાં રાખીને એક ખાસ પેકેજ ડિઝાઈન કરવામાં આવ્યુ છે. જેના ભાગરુપે એક વિશેષ ટ્રેન ચાર માર્ચથી શરુ કરાશે. આ ટ્રેન ચંદીગઢથી ઉપડશે. ટ્રેનમાં મુસાફરી કરનારા યાત્રિકો માટે સાત દિવસનુ એક પેકેજ ડિઝાઈન કરવામાં આવ્યુ છે.જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાથે સાથે ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર, મધ્યપ્રદેશના ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ, શિરડીના સાંઈ બાબા મંદિર અને મહારાષ્ટ્રના ઔરંગાબાદના જ્યોર્તિલિંગનો સમાવેશ કરાયો છે.

ચંદીગઢની સાથે સાથે યાત્રિકો રુટ પર આવતા બીજા સ્ટેશનો પરથી પણ ટ્રેનમાં બેસી શકશે.આ ટ્રેન વડોદરા રેલ્વે સ્ટેશન પર રોકાશે અને યાત્રિકોને બસ મારફતે સ્ટ્રેચ્યુ ઓફ યુનિટી જોવા માટે લઈ જવાશે.

## પ્રાર્થના સભા

**સ્વ. જનાર્દનભાઈ જયંતિલાલ વૈષ્ણવ** (રિટાયર્ડ IAS) દેહદાતા અને ચક્ષુદાતાની **પ્રાર્થનાસભા તા.૨૪/૨/૨૦૧૯ના રોજ સાંજે ૪ થી ૫** તેમના નિવાસસ્થાન ખાતે રાખેલ છે.

નિવાસસ્થાન : બી-૫૮, સ્મૃતિ સોસાયટી, સહયોગ ગાર્ડન પાછળ, ગોરવા રિફાઈનરી રોડ, વડોદરા

**સદ્દગતની ઈચ્છા મુજબ તમામ લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.**

**લિ.**
**વર્ષાબેન (સરલાબેન) વૈષ્ણવ**
**જિજ્ઞાસા ધોળકિયા**
**શશાંક ધોળકિયા**
**રુચા ધોળકિયા**
**તથા સમગ્ર વૈષ્ણવ અને જોષીપુરા પરિવાર**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT® | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com